**MBX-001-019101** Seat No. ________

# M. A. (Gujarati) (Sem. I) (CBCS) Examination

**December – 2016**

## Bhasha Kaushalya

*(Old Course)*

**Faculty Code : 001**
**Subject Code : 019101**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના** : (૧) કુલ પાંચ પ્રશ્નો છે, દરેક પ્રશ્નનો ઉત્તર આપવો ફરજિયાત છે.

(૨) દરેક પ્રશ્નની સામે તેના ગુણ દર્શાવેલ છે.

૧ નીચે આપેલાં કાવ્યોમાંથી કોઈ પણ **એક** કાવ્યનું રસદર્શન કરાવો : ૧૪

(૧) ક્યાંક ઝરણાંની ઉદાસી પથ્થરો વચ્ચે પડી છે,
ક્યાંક તારી યાદની મોસમ રડી છે.
દોસ્ત મૃગજળની કથા વચ્ચે તમે છો,
આ જુઓ અહીંયા તરસ, ત્યાં વાદળી ઊંચે ચડી છે.
પંખીઓનાં ગીત જેવી એક ઈચ્છા ટળવળે છે,
ઓ હૃદય ! બોલો આ કેવી ઘડી છે ?
આવ, મારા રેશમી દિવસોના કારણ
જિંદગી જેને કહે છે એ અહીં ઢેબે ચડી છે !
ઓ નગરજન! હું અજાણ્યા દેશનો થાકયો
પ્રવાસી લાગણી નામે હવેલી ક્યાં ખડી છે ?

- શ્યામ સાધુ

**અથવા**

(૨) આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના
ફૂલો એ બીજું કંઈ નથી, પગલાં વસંતના.
મલયાનિલોની પીંછી ને રંગો ફૂલોના લૈ,
દોરી રહ્યું છે કોણ આ નકશા વસંતના.
આ એક તારા અંગે ને બીજો ચમન મહીં
જાણે કે બે પડી ગયા ફાંટા વસંતના.
મ્હેંકી રહી છે મંજરી એકેક આંસુમાં
મ્હોર્યા છે આજ આંખમાં આંબા વસંતના.
ઊડી રહ્યાં છે યાદનાં અબીલ ને ગુલાલ
હૈયે થયા છે આજ તો છાંટા વસંતના.
ફાંટુ ભરીને સૌનું સૂરજનું ભરો હવે,
પાછા ફરી ન આવશે તડકા વસંતના,

- મનોજ ખંડેરિયા

૨ નીચેના કોઈ પણ **એક** ગદ્યખંડનું વિવરણ કરો : **૧૪**

(૧) ''દુઃખ સિવાય બીજા કોઈ પણ માર્ગે આપણે પોતાની શક્તિને ઓળખી શકતા નથી. માણસે જે કંઈ નિર્માણ કર્યું છે. તે દુઃખ વડે જ નિર્માણ કર્યું છે. જે તેણે દુઃખ વડે નથી કર્યું તે પૂર્ણપણે તેનું બની શકતું નથી. રામાયણમાં કવિએ રામને, સીતાને, લક્ષ્મણને, ભરતને દુઃખ વડે જ માહિમાન્વિત બનાવ્યાં છે. રામાયણના કાવ્યરસમાં માણસે જે આનંદની મંગલમય વડે મૂર્તિ જોઈ છે, તેને દુઃખે જ ધારણ કરેલી છે. મહાભારતમાં પણ એમ જ છે. માણસના ઈતિહાસમાં જે કંઈ વીરત્વ, જે કંઈ મહત્ત્વ છે તે બધું જ દુઃખના આસન ઉપર પ્રતિષ્ઠિત છે. માતૃ-સ્નેહનું મૂલ્ય દુઃખમાં છે, પતિવ્રત્યનું મૂલ્ય દુઃખમાં છે, પુણ્યનું મૂલ્ય દુઃખમાં છે. એ દુઃખ એ જ સાધના, એ દુઃખ એ જ તપસ્યા; એ દુઃખનું જ પરિણામ આનંદ, મુક્તિ ઈશ્વર.''

- રવીન્દ્રનાથ ઠાકુર

**અથવા**

(૨) ''સાચો શિક્ષક કદી વિદ્યાર્થી મટતો નથી. જ્ઞાનનું ક્ષેત્ર સદા વિસ્તરતું રહે છે. આથી તેમાં જૂની મૂડી ઉપર વેપલો ખેડી શકાય નહીં. સાહિત્યનાં શિક્ષકની યોગ્યતાની પહેલી શરત એ કે તે સાહિત્યનો સાચો વ્યાસંગી હોવો જોઈએ. સાહિત્યના આગળ વર્ણવેલા, મૂલ્યને પારખીને એની ઉચિત પરીક્ષા કરવી, એના ભાવિ વિકાસની શક્યતાઓ તરફ પોતાની સૂગના બળે અંગુલિનિર્દેશ કરવો, એટલું જ નહિ, પણ એ - શકયતાઓ ચરિતાર્થ થાય તેને માટેની અનુકૂળ આબોહવા સર્જવામાં પોતાની અધ્યાપન પ્રવૃત્તિને, ઉપકારક નીવડે એવી રીતે પ્રયોજવી એને એ પોતાનો ધર્મ માનતો હોવો જોઈએ.''

- સુરેશા જોષી

૩ નીચેના કોઈ પણ **એક** ગદ્યખંડનું સારલેખન કરો : **૧૪**

(૧) ''કુદરત માણસને જીવન બક્ષે છે. એ જીવનને શુદ્ધ, સમૃદ્ધ, પ્રસન્ન, ગંભીર અને વૈવિધ્યપૂર્ણ બનાવવાના પ્રયત્નમાં માણસે સંસ્કૃતિ ખીલવી. પથ્થરમાંથી જેમ મૂર્તિ બનાવીએ છીએ, ધ્વનિમાંથી સંગીત ઉપજાવીએ છીએ, ઘર્ષણમાંથી જેમ જ્વાળા સળગાવીએ છીએ, તેમજ જીવનમાંથી સંસ્કૃતિ ખીલવીએ છીએ. જીવન એ પ્રકૃતિ છે, સંસ્કૃતિ એ એનો ઓપ છે. જીવન જો સંસ્કારિતાનો ઓપ ધારણ ન કરે તો એ પરિપુષ્ટ છતાં કૃતાર્થ થઈ ન શકે અને સંસ્કૃતિ જો જીવનને વફાદાર ન રહે તો પોલાપણું આવે, એટલું જ નહિ પણ વિકૃતિ પેદા થઈને દુર્ગંધ જ છૂટે. જીવન જો ધરતી હોય તો સંસ્કૃતિએનું સ્વર્ગ છે. એ બે વચ્ચે જો અનુસંધાન ન સધાય તો બંને વ્યર્થ થઈ જાય.''

- સુંદરમ્

**અથવા**

(૨) ''એક અરીસા ઉપર જો કચરો અને ધૂળ જામી ગયાં હોય તો તેમાં આપણું પ્રતિબિંબ જોઈ શકાતું નથી; તે જ રીતે અજ્ઞાત અને દુષ્ટતા આપણા હૃદયના અરીસા ઉપર કચરા અને ધૂળ સમાન છે. જેમાં આપણે આપણી જાતનો જ સૌથી પ્રથમ વિચાર કરીએ છીએ તે સ્વાર્થીપણું એ મોટામાં મોટું પાપ છે. જે એમ વિચારે છે કે 'હું પહેલો ખાઈ લઈશ, હું બીજાઓ કરતાં વધુ ધન મેળવીશ અને બધું મારી પાસે જ રાખીશ' - તે મનુષ્ય સ્વાર્થી છે. નિઃસ્વાર્થ મનુષ્ય કહે છે : 'હું છેલ્લો રહીશ; હું સ્વર્ગમાં જવાની દરકાર રાખતો નથી; વળી જો નરકે જવાથી પણ મારા ભાઈઓને મદદરૂપ થઈ શકું તો હું નરકે જવા પણ તૈયાર છું. આ નિઃસ્વાર્થવૃત્તિ ધર્મની કસોટી છે.''

- સ્વામી વિવેકાનંદ

૪ નીચેનામાંથી કોઈ પણ **એક** પંક્તિનો અર્થવિસ્તાર કરો. ૧૪

(૧) ''હું ચાહું સુંદર ચીજ સૃષ્ટિની
અને જે અસુંદર રહી તે સર્વને
મૂકું કરી સુંદર ચાહી ચાહી.''

(૨) 'હા, પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે,
પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.'

૫ નીચેનામાંથી કોઈ પણ **બે** પ્રશ્નોના જવાબ આપો : ૧૪

(૧) છંદ એટલે શું ? છંદના પ્રકારો જણાવો.

(૨) ઉપમા અને વ્યક્તિરેક અલંકારની છણાવટ કરો.

(૩) જોડણી વિચાર એટલે શું ? તેના પ્રકારો ચર્ચો.

(૪) પ્રૂફરીડિંગ એટલે શું ? પ્રૂફના પ્રકારોની ચર્ચા કરો.